GJLV020008692019

---

મહીસાગરના મે. એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ.લુણાવાડા

---

ફોજદારી કેસ નં. ૭૦૮/૨૦૧૯
આંક :- 7

ફરિયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– શનાભાઈ સવદાસભાઈ દેવીપુજક

રહે. હનુમાન ટેકરી અંજાર તા. અંજાર જી. ભુજ

ગુન્હો : ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૮૫ (૧) મુજબ

## –: ચુકાદો :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૦/૦૪/૨૦૧૯ નારોજ કલાક ૧૯/૦૦ વાગે પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગે.કા. રીતે દેશી દારુ પી છાટકો બની જાહેરમાં લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવી ગુનો કરેલ છે અને તે મતલબની ફરીયાદ હકીકતના આધારે ગુનો રજીસ્ટર કરી ગુનાને લગત તપાસ કરી આ કામના આરોપી સામે પુરતો પુરાવો હોઈ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૮૫ (૧) મુજબ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ નકલો આપવામાં આવેલ. આ કામે આંક– ૫ થી આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ જેમાં આ કામના આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે મતલબની આંક– ૬ થી કબુલાત પુરશીસ રજુ કરેલ છે.

(૩) આરોપીએ જો લોકોને આવ–જા કરવાની છૂટ હોય કે આવ–જા કરવાની પરવાનગી હોય તેવા કોઈ રસ્તા, સાર્વજનિક માર્ગ કે જાહેર જગ્યાએ દારૂ પીને ઉપદ્રવ ઉભો કરેલ હોય કે કોઈ વ્યકિતની સાથે ઝઘડો કરેલ હોય કે અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરેલ હોય કે બીજા કોઈની સાથે મારામારી કરેલ હોય કે કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન અથવા અશ્લીલ વર્તન કરેલ હોય તો ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૮૫ (૧) મુજબનો ગુનો બને. પરંતુ આ કામે ફરિયાદ પક્ષનાં કેસ મુજબ બનાવના દિવસે આ કામના આરોપી એ દેશી દારુ પી છાટકો બની જાહેરમાં લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ છે, જેથી ફરિયાદ પક્ષની હકીકતને જેમને તેમ માની લેવામાં આવે તો પણ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૮૫ (૧) માં જણાવેલ ગુનાના તત્વો મુજબ ગુનો બનતો નથી. જેથી આ કામના આરોપીને ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૮૫ (૧) મુજબ સજા કરી શકાય નહી. પરંતુ ફરીયાદ પક્ષની હકીકત ઘ્યાને લેતા ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૬ (૧) (ખ) માં જણાવેલ ગુનાના તત્વો મુજબ ગુનો બનતો હોઈ આ કામના આરોપીની કબુલાતના આધારે ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ– ૬૬ (૧) (ખ) મુજબ સજા કરી શકાય.

(૪) આ કામના આરપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં તેઓની સામેના આક્ષેપ કબુલ રાખેલ છે.

આ કામના આરોપીએ કરેલ ગુનાની સ્વૈરછીક કબુલાત,આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિ તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રીને ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧ (૨) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૬(૧)(ખ) મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. : લુણાવાડા
તારીખ: ૦૩/૦૮/૨૦૨૬

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લુણાવાડા
કોડ નં. જી.જે.૦૧૬૬૪